IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ડૉ.બાબાસાહેબ આંબેડકર : ગોળમેજી પરિષદમાં

Hiteshkumar Jayantilal Parmar

Candidate Master of Arts History , UGC NET qualified

Hemchandracharya North Gujarat University , Khedbrahma, India

***Abstract:*** **ગોળમેજી પરિષદ એ અંગ્રેજ સરકાર દ્વારા સંવૈધાનિક સુધારાઓ પર ચર્ચા કરવા માટે ૧૯૩૦-૩૨ દરમિયાન આયોજીત સંમેલનોની એક શૃંખલા હતી. મે ૧૯૩૦માં સાઇમન કમિશન દ્વારા પ્રસ્તુત અહેવાલ તથા તત્કાલીન વાઇસરોય લોર્ડ ઇરવીન અને બ્રિટીશ પ્રધાનમંત્રી રામસે મેકનોડાલ્ડને મહમદ અલી ઝીણાએ કરેલી ભલામણોને આધારે નવેમ્બર ૧૯૩૦થી ડિસેમ્બર ૧૯૩૨ના ગાળામાં બ્રિટીશ સરકાર અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ વચ્ચે ત્રણ ગોળમેજી પરિષદોનું આયોજન કરવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકરए મહમદ અલી ઝીણાए મહાત્મા ગાંધીए તેજ બહાદુર સપ્રૂए વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીए સર મહમદ ઝફરઉલ્લા ખાન અને મીરાંબહેન પ્રમુખ ભારતીય પ્રતિનિધિ હતા. ૧૯૩૦ના દશક સુધી કેટલાક બ્રિટીશ રાજનેતાઓનું માનવું હતું કે ભારતની સ્વાયત્તતાની સ્થિતિ વધારવાની જરૂર છે પરંતુ ભારતમાં પૂર્ણ સ્વરાજની માંગ બળવતર બની રહી હતી. ભારતીય અને બ્રિટીશ રાજનૈતિક દળો વચ્ચે વૈચારિક મતભેદોનું આ પરિષદો દરમિયાન સમાધાન થઈ શક્યું નહી. આ પરિષદ દરમિયાન ડૉ. બાબા સાહેબ આંબેડકર કેવા પ્રકારની રજૂઆતો કરી ભારત દેશમાં ડૉए બાબાસાહેબ આંબેડકનો ફાળો શું છે તે વિશેનો લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છેण**

***Index Terms* – *ડૉ.બાબાસાહેબ આંબેડકરए ગોળમેજી પરિષદોए લંડનए અછૂત સમાજ***

## I. INTRODUCTION

### ડૉ.બાબાસાહેબ આંબેડકર વિશે :

ડૉ.ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રિલ ए 1891 ના રોજ મધ્યપ્રદેશમાં આવેલ અંગ્રેજોની મહુ નામની લશ્કરી છાવણીમાં થયો હતો.તેઓ ડૉण બાબા સાહેબ આંબેડકરના હુલામણા નામથી પણ જાણીતા છે.તેમના પિતાનુ નામ રામજી માલુજી સકપાલ તથા માતાનુ નામ ભીમાબાઇ હતુ.તેઓ તેમના માતા-પિતાના ચૌદમા સંતાન હતા. ભીમરાવનો જન્મ અછૂત ગણાતી મહાર જાતિમાં થયો હતો.તેઓ એક કાયદાશાસ્ત્રી एરાજનેતાए તત્વચિંતકएનૃવંશશાસ્ત્રીए ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા.તેઓએ ભારતમાં બૌધ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી હતી. તેઓએ ભારતીય બંધારણામાં નિભાવેલી જવાબદારીને કારણે તેમને બંધારણના ઘડવૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદા મંત્રી હતા. તેઓને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારતરત્નથી 1990માં નવાજવામાં આવ્યા હતા.

### ગોળમેજી પરિષદો रू

ઇ.સ. 1930ए1931 અને 1932 ના વર્ષોમાં લંડન મુકામે ગોળમેજી પરિષદો ભરાઇ એ પરિષદોનો હેતુ ભારતમાં ચાલતા આઝાદીની લડતની આંદોલનના અનુસંધાને ભારતને કેટલાક સુધારાઓ આપવા અંગે ભારતના બધા પક્ષોના નેતાઓ સાથે વિચારણા કરવાનો હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર આ ત્રણેય ગોળમેજી પરિષદમાં હાજર રહ્યા હતા.આ પરિષદમાં દલિતોના પ્રતિનિધિ તરીકે હાજર રહીને મુસ્લિમોए ખ્રિસ્તીઓएશીખएએંગ્લો ઇંડિયનોની જેમ તેમણે પણ અલગ મતદાર મંડળોની માંગણી કરી.

ભારતના ઇતિહાસમાં અન્ય અગત્યની સાલોની માફક 1930ની સાલ ગણી જ અગત્યની છે.ઇ.સ.1930માં સાયમન કમિશનનો રિપોર્ટ બહાર પડ્યો અને બ્રિટિશ સરકાર અને ભારતના રાજકીય નેતાઓની વચ્ચેની લડતની શરૂઆત થઇ. ધારાસભ્યોની બેઠકોની ફાળવણી બાબતમાં કોંગ્રેસ પક્ષ મુસ્લિમ લીગ અને ડૉ.આંબેડકર વચ્ચે મતભેદ રહ્યો અને એકમતી સાધી શકાય નહી આ મડાગાંઠનો તોડ લાવવા બ્રિટિશ સરકારે લંડનમાં બધા જ પક્ષોના નેતાઓની એક ગોળમેજી પરિષદ બોલાવી.

**પ્રથમ ગોળમેજી પરિષદમાં :**

ભારતના વાઇસરોયે 5 સપ્ટેમ્બર ए 1930ના દિવસે ડો. બાબ સાહેબ આંબેડકરને લંડન મુકામે ભરાઇ રહેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનું નિમંત્રણ આપ્યુ એટલે 2 ઓક્ટોબર ए 1930ના દિવસે દલિત સંગઠનોએ તેમને ભાવભીની વિદાય આપી.જો કે એમનું કામ ઘણુ અઘરૂ હતુ . એકબાજુ રાષ્ટ્રની આઝાદી માટે લડવાનું તો બીજી બાજુ ભારતની પદ્ધતિના અધિકારો સાચવવાની લડાઇ પણ લડવાની હતી. રાષ્ટ્રની રાજકીય આઝાદી અને અસ્પૃષ્યની સામાજિક આઝાદીની સમતુલા જાળવવની હતી.

આ પધ્ધતિમાં ડો.આંબેડકરે ભારતના અછૂતોના પ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી રજૂઆત કરી .તેમને અછૂતોના રાજકીય અને સામાજીક હકો માટે બ્રિટિશ સરકાર પાસે બાંહેધરી માંગી ડો. આંબેડકરની રજૂઆતને પરિષદના પ્રતિનિધિઓ ઉપર ઊંડી અસર કરી ડો.બાબા સાહેબ આંબેડકર ભારત પાછા ફર્યા અને તેમના કાર્યોમાં મશગૂલ બની ગયા.

**બીજી ગોળમેજી પરિષદમાં :**

જુલાઇ 1931ના ત્રીજા અઠવાડિયામાં લંડન મુકામે બીજી ગોળમેજી પરિષદ ભરવાનું નક્કી થયુ॰ આ ગોળમેજી સંમેલનમાં ડો.બાબા સાહેબ આંબેડકર સાથે બીજા 125 સભ્યોને પણ નિમંત્રણ આપવામાં આવ્યુ હતુ.

14મી ઓગષ્ટ ए 1931ના દિવસે ડો.બાબા સાહેબ આંબેડકર ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતા પહેલા સભા ભરીને મુંબઇના કાવસજી જહાંગીર હોલમાં વિદાય આપવામાં આવી.આ જ દિવસે ડો.બાબાસાહેબ આંબેડકર અને ગાંધીજીની પ્રથમ મુલાકાત થઇ હતી.

7મી સપ્ટેમ્બર ए1931માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ મળી અને તેમાં ડો.બાબા સાહેબ આંબેડકર અછૂતોના ઉધ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી॰ ડો.બાબા સાહેબ આંબેડકર અને ગાંધીજી વચ્ચે આ બાબતમાં દલીલો થઇ છેવટે ઉગ્ર મતભેદ થયા ગાંધીજી મુસ્લિમો સાથે એકમત સાધવામાં નિષ્ફળ ગયા. ડો.બાબા સાહેબ આંબેડકર પણ તેમની માંગણીઓમાં મક્કમ રહ્યા.બીજી ગોળમેજી પરિષદ ભાગી પડી.બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીનો વિરોધ કરવાથી અને અલગ મતાધિકારની માંગણીના લીધે ડો.બાબા સાહેબ આંબેડકર ઘણા અપ્રિય થયા.સમાચારપત્રોએ ડો.બાબા સાહેબ આંબેડકર ઉપર ટીકાઓની ઝાડી વરસાવી અને કોગ્રેસના નેતાઓને તેમના કૃત્યને વખોડી કાઢ્યુ. આમ છતા ડો.બાબા સાહેબ આંબેડકર ભારતના અછૂતોના પ્રશ્નો સફળ અને સાચી રીતે રજૂ કરવામાં શક્તિમાન થયા. લંડનથી પાછા આવ્યા પછી ડો.બાબા સાહેબ આંબેડકર દેશથી જુદા જુદા ભાગોમાં જ્યા જઇ શક્યા ત્યા ગયા અને દલિતોની અસંખ્ય મિટિંગો અને પરિષદોનું આયોજન કરીને અછૂત સમાજને જાગૃત કર્યો.

ડો.બાબા સાહેબ આંબેડકરના આ પ્રયાસોથી 14મી ઓગષ્ટ ए 1932ના રોજ બ્રિટિશ વડાપ્રધાને કોમ્યુનલ એવોર્ડની જાહેરાત કરી એમાં ડો.બાબા સાહેબ આંબેડકરની માંગણીઓને ન્યાય આપવામાં આવ્યો હતો. જે ડો.બાબા સાહેબ આંબેડકરની સફળતા હતી.

આમ ડો.બાબા સાહેબ આંબેડકર હમેંશા પોતાના જીવનમાં દલિતોના ઉધ્ધાર માટે સતત કાર્યશીલ હતા અને બધારણના ઘડવૈયા તરીકે વિશ્વભરમાં પ્રસિધ્ધિ મેળવી તેઓ 6 ડિસેમ્બર ए 1956 ના રોજ અવસાન પામ્યા હતા.

**REFERENCES**

ख१, **મહામાનવ ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર : લેખક – મહેશચંન્દ્ર પંડ્યા**
ख२, **આમ આદમીના આગેવાન ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર : લેખક – ડો. રમેશચંન્દ્ર પરમાર પ્રકાશક – રાહુલ પરમાર**